सत्यमेव जयते

ફરિયાદ સ્વીકાર્યા તા. ૩૧/૦૧/૨૦૨૩
ફરિયાદ નોંધ્યા તા. ૩૧/૦૧/૨૦૨૩
ફરિયાદ ફેંસલ તા. ૧૨/૦૧/૨૦૨૪
સમય ગાળો વર્ષ ૦૦ માસ ૧૧ દિવસ ૧૩

# મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.માંડવી, જી.સુરત

**ફો.કે.નં. ૯૫૬ / ૨૦૨૩**
**આંક – ૨૭**

**ફરિયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : અજયભાઈ સુમજીભાઈ ચૌધરી**
**રહે. વાધનેરા ગામ, નહેર ફળિયું, તા.માંડવી, જી.સુરત**

**ગુનો : ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.**

........................................................................................................

ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રી એફ.એમ.ગામીત.

આરોપી તર્ફે વિ.વ.શ્રી એમ.બી.ટેલર.

........................................................................................................

Cases are referred to :

1. HIGHCOURT OF ORISSA - BADRIPRASAD TIWARI V/S. STATE.

   1994 Cri.L.J. 389.

2. Manik Chand Prasad V/s State of Bihar; Criminal Application (DB) No.-113 of 2023; Decided on 01 September 2023;

3. HIGHCOURT OF CALCUTTA 1975 (41) CULCUTTA L.T.245.

## :: ચુ કા દો ::

**ફરીયાદની હકિકત :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૦૭/૨૦૨૨ ના કલાક ૨૧:૩૦ વાગ્યાના સુમારે મોજે ગામ વાઘનેરાના જાહેર રોડ પર તા.માંડવી, જિ.સુરત ખાતે આ કામે મરણજનાર મિહલ પ્રવિણભાઈ ચૌધરીનાઓ પોતાની મોટર સાયકલ નં.જીજે/૦૫/ઈકે/૬૪૪ ની લઈને માંડવી તરફ જતા હતા તે વખતે સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં.જીજે/૨૧/એજી/૮૪૭૭ નો ચાલક અજયભાઈ સુમજીભાઈ ચૌધરી નાઓએ પોતાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મરણજનારની મોટર સાયકલને અડફેટમાં લઈ અકસ્માત કરી તેને શરીરે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી સ્થળ ઉપર મોટર સાયકલ મુકી નાશી જઈ પાછળથી પકડાઈ જઈ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો આચરેલ હોય, ફરીયાદી નાઓએ માંડવી પોલીસ સ્ટેશનમાં પાર્ટ-એ ગુ.રજી. નં.૧૧૨૧૪૦૩૨૨૨૨૦૮૭૪/૨૦૨૨ થી ગુનો નોંધી સદર ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારી નાઓએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળેલ હોય ઉપરકોત ગુના અંગે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**ગુન્હાની તપાસ તથા ચાર્જશીટ:-**

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતા, તેઓની સામેના ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે, આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૭૩ મુજબના કાગળોની નકલો વિનામુલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમીનલ

પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે, આરોપીને ગુના અંગેની સમજ આપી આંક–૦૨ દ્વારા ઉપરોકત ગુન્હાઓ અંગેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

**પુરાવાઓ :–**

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**મૌખિક પુરાવા**

(૧) આંક–૦૮ થી ફરિયાદી પ્રવિણભાઈ મગનભાઈ ચૌધરીની જુબાની.

(૨) આંક–૧૦ થી સાહેદ સંગીતાબેન પ્રવિણભાઈ ચૌધરીની જુબાની.

(૩) આંક–૧૧ થી પંચસાહેદ નિતેશભાઈ ગંભીરભાઈ ચૌધરીની જુબાની.

(૪) આંક–૧૩ થી પંચસાહેદ વિજયભાઈ નરેશભાઈ ચૌધરીની જુબાની.

(૫) આંક–૧૫ થી તપાસ કરનાર અમલદાર મુકેશભાઈ રૂવિયાભાઈ ચૌધરીની જુબાની.

(૬) આંક–૧૬ થી તપાસ કરનાર અમલદાર બિપીનભાઈ રત્નાભાઈ જોટાણાની જુબાની.

**દસ્તાવેજી પુરાવા**

(૧) આંક–૦૮ થી રજૂ અસલ ફરિયાદ.

(૨) આંક–૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામા.

(૩) આંક–૧૪ થી રજૂ ઈન્કવેસ્ટ પંચનામા.

(૪) આંક–૧૭ થી રજૂ ખટોદરા પોલીસ સ્ટેશન નાઓએ માંડવી પોલીસ સ્ટેશનને તપાસ સંભાળવા યાદી.

(૫) આંક–૧૮ થી રજૂ ખટોદરા પોલીસ સ્ટેશન નાઓએ માંડવી પોલીસ સ્ટેશનને ગુનો રજીસ્ટર કરવા યાદી.

(૬) આંક–૧૯ થી રજૂ ખટોદરા પોલીસ સ્ટેશન નાઓએ નાયબ પોલીસ કમિશ્નરશ્રીને કેસના કાગળો માંડવી પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપવા યાદી.

(૭) આંક–૨૦ થી રજૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી નાઓએ અધિક્ષકશ્રી સુરત ગ્રામ્યનાઓને માંડવી પોલીસ સ્ટેશનને કાગળો આપવા યાદી.

(૮) આંક–૨૧ થી રજૂ ડેથ સર્ટીફિકેટ.

(૯) આંક–૨૨ થી રજૂ પી.એમ. નોટ.

(૧૦) આંક–૨૩ થી રજૂ એફ.એસ.એલ. રીપોટ.

(૧૧) આંક–૨૪ થી રજૂ આરોપીની અટક / શરીર સ્થિતિના પંચનામા.

(૧૨) આંક–૨૫ તથા આંક–૨૬ થી રજૂ યાંત્રિક ચકાસણી અહેવાલ.

**(૪)** ઉપરોકત દર્શાવ્યા અનુસારનો રજુ થયેલ પુરાવાના અંતે ફરિયાદપક્ષે એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે.

**<u>વધારાનું નિવેદન:–</u>**

**(૫)** ફરિયાદપક્ષે તેમનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયા બાદ, ફરીયાદપક્ષે તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરતાં, ક્રિમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ પુરાવો તેમની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવી, આ કેસના સાહેદોની રજુ થયેલ જુબાનીઓમાં જણાવવામાં આવેલ તમામ હકિકતોનો મુખ્યત્વે ઈન્કારીયતમાં જવાબ આપેલ છે. તેમજ આરોપીઓ બચાવમાં કોઈ સાહેદ તપાસવા નથી કે સોગંદ ઉપર કોઈ પુરાવો આપવો નથી તેમ જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે.

**(૬)** ઉપરોકત પુરાવાના અંતે ફરિયાદપક્ષે એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે એપીપીશ્રીની તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

**(૭)** સદર કામની રેકર્ડ આધારીત હકીકતોને ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૩/૦૭/૨૦૨૨ ના કલાક ૨૧:૩૦ વાગ્યાના સુમારે મોજે ગામ વાધનેરાના જાહેર રોડ પર તા.માંડવી, જિ.સુરત ખાતે આ કામે મરણજનાર મિહલ પ્રવિણભાઈ ચૌધરીનાઓ પોતાની મોટર સાયકલ નં.જીજે/૦૫/ઈકે/૬૪૪ ની લઈને માંડવી તરફ જતા હતા

તે વખતે સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં.જીજે/૨૧/એજી/૮૪૭૭ નો ચાલક અજયભાઈ સુમજીભાઈ ચૌધરી નાઓએ પોતાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મરણજનારની મોટર સાયકલને અડફેટમાં લઈ અકસ્માત કરી તેને શરીરે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી સ્થળ ઉપર મોટર સાયકલ મુકી નાશી જઈ પાછળથી પકડાઈ જઈ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) ''નકારાત્મક.''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૯) ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૯.૧) હાથ ઉપરના કેસમાં ફરિયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ હોઈ સદરહું કલમ અન્વયેના આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ તથા ૧૦૩ મુજબ પુરાવો રજૂ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ફરીયાદપક્ષે જણાવેલ હકિકત પરત્વે આરોપીને હાલના આ ગુનાના કામે સાંકળતો સીધો અને પ્રત્યક્ષ પુરાવો રજુ થવો આવશ્યક છે. ફરીયાદી તરફે તપાસેલા સાહેદોએ આપેલ જુબાનીથી ફરીયાદની હકિકતને સમર્થન મળે છે કે કેમ ? તથા તે અનુસાર આરોપીની સંડોવણી આ કામે પુરવાર થાય છે કે કેમ ? તેને ઘ્યાને લેવાનું રહે છે. ફરીયાદીની ફરીયાદની હકિકત અનુરૂપ અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્ધાઓના આવશ્યક તત્વોની

ચર્ચા પડેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લઈ ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂદ્ધ પ્રથમ આવશ્યક તત્વો પુરવાર થયેલ છે કે કેમ તેની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

**(૯.૨)** ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા આરોપી સામે જે ગુન્હો કર્યાનો આક્ષેપ છે તે સંદર્ભેની જોગવાઈઓને ધ્યાને લેતાં, આ જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોની ચર્ચા કરવી વ્યાજબી તથા ન્યાયોચિત હોય, આ જોગવાઈઓ તથા તેના આવશ્યક તત્વો નીચે જણાવ્યા મુજબ છે.

**<u>ઈ.પી.કો કલમ ૨૭૯</u>**

જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવી :– કોઈપણ વ્યકિત, બહુજન સમુદાયની જિંદગી ભયમાં મૂકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવા સંભવ હોય, તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**<u>આ કલમના તત્વો નીચે મુજબ છે. </u>: –**

(૧) જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

(૨) બેફામપણે અથવા બેદરકારી પુર્વક આવુ વાહન ચલાવવુ અથવા આવી સવારી કરવી.

(૩) જે કારણે બહુજન સમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**<u>ઈ.પી.કો કલમ ૩૩૭</u>**

બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી વ્યથા કરવા બાબત :–

જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી જોખમમાં મુકાયા એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા કરે, તેને છ મહિનાની મુદત સુધીના બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**ઈ.પી.કો કલમ ૩૩૮**

બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવા બાબત :–

જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા કરે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ. ૩૦૪ (એ) બેદરકારીથી મૃત્યુ નીપજાવવું :–**

કોઈપણ (વ્યકિત) સાપરાધ મનુષ્યવધ ન ગણાય તેવું બેફામપણે કરેલુ અથવા બેદરકારીભર્યુ કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતનુ મૃત્યુ નીપજાવે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**આ કલમના તત્વો નીચે મુજબ છે. :–**

૧. કોઈ વ્યકિતનુ મૃત્યુ નીપજયું,

૨. આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આચરેલા કૃત્યના કારણે નીપજયું,

૩. આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

ઉપરોકત ઈ.પી.કો કલમની સાથે એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ ને સાથે વંચાણે લેતાં હવે એ જોવુ રહયુ કે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે આરોપી વિરુઘ્ઘ પુરવાર કરી શકેલ છે કે કેમ? સૌપ્રથમ હાથ પરના કેસમાં ઉપરોકત આવશ્યક તત્વોની ચર્ચા પડેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લઈ ફરીયાદ પક્ષે આરોપી વિરુઘ્ઘ પ્રથમ આવશ્યક તત્વો પુરવાર થયેલ છે કે કેમ તેની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે

***મુદ્દા નંબર–૧ અને મદ્દા નંબર–૨ ની સંયુકત ચર્ચા:–***

(૯.૩) અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ બંન્ને મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય, રેકર્ડ ઉપરની હકિકતો તથા કારણોની કરવામાં આવેલ ચર્ચામાં પુનરાવર્તનનો દોષ ટળી શકે તે સારૂ આ બંન્ને મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવેલી છે.

**ફરીયાદપક્ષનો પુરાવો :–**

(૯.૪) હવે રેકર્ડ પર આવેલ પુરાવાની ઝીણવટ ભરી રીતે ચર્ચા કરવામાં આવે તો હાલના કામે ફરિયાદપક્ષે આંક–૦૮ થી ફરિયાદી પ્રવિણભાઈ મગનભાઈ ચૌધરીને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ અકસ્માતવાળો બનાવ તા.૨૩–૦૭–૨૦૨૨ ના રોજ બનેલો. આ બનાવની જાણ મને ૧૦૮ એમ્બ્યુલ્ન્સ સ્ટાફે કરેલી. અને તેઓએ જણાવેલ કે તમારા દીકરા મિહલનુ અકસ્માત થયેલ છે અમો સીવીલ હોસ્પીટલ સુરત ખાતે લઈ જઈએ છીએ તેવુ જણાવેલ. ત્યારબાદ હુ સુરત સીવીલ હોસ્પી.માં ગયેલા. ત્યાં જઈને જોયુ તો મારો દીકરો મિહલ મરણ પામેલ હતો. મારા છોકરાને માથાના ભાગે અને શરીરે ઈજાઓ થયેલી હતી. આ અકસ્માત બે મોટરસાઈકલ વચ્ચે બનેલાનુ જાણવા મળેલ. આ બનાવ વખતે મારો દીકરો સોલાર કંપનીમાં જતો હતો. આ અકસ્માત વાધનેરા ગામની સીમમાં બનેલ હોવાનુ જાણવા મળેલ. મે આ બનાવ અંગેની ફરીયાદ સુરત નવી સીવીલ હોસ્પી. માં આવેલ પોલિસ ચોકીમાં જમાદારે લીધેલી. જેમા ફરિયાદી તરીકે મારી સહી છે. જે ફરિયાદ આંક–૦૯ થી રજૂ છે. અકસ્માત કરનાર મોટર સાયકલનો નંબર તથા ચાલક ખબર નથી.

સદર સાહેદની આરોપી તર્ફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતી. એ વાત ખરી છે કે, બનાવની મને ફોન ધ્વારા કરેલી. એ વાત ખરી છે કે, બનાવ કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકુ નહી.

(૯.૫) ફરિયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ સંગીતાબેન પ્રવિણભાઈ ચૌધરીને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ અકસ્માતવાળો બનાવ તા.૨૩–૦૭–૨૦૨૨ ના રોજ બનેલો. આ બનાવ બનેલો તે વખતે મે ઘરે હતી. આ બનાવની જાણ કોઈ સગાવાલાએ કરેલી. તેઓએ જણાવેલ કે તમારા દીકરા મિહલનુ અકસ્માત થયેલ છે અમો સીવીલ હોસ્પીટલ સુરત ખાતે લઈ જઈએ છીએ તેવુ જણાવેલ. મારો દીકરો મિહલ સારવાર દરમીયાન મરણ થયેલ હોવાનુ જાણ થયેલ. આ અકસ્માત બે મોટરસાઈકલ વચ્ચે થયેલ હોવાનુ જાણવા મળેલ. મારા છોકરા પાસે જે મોટરસાઈકલ હતી તેનો નંબર ૬૪૪ હતો. અકસ્માત કરનાર મોટર સાયકલનો નંબર જાણવા મળેલ નહી. સદરહું સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી

શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની આરોપી તર્ફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતી. એ વાત ખરી છે કે, બનાવની મને ફોન ધ્વારા કરેલી. એ વાત ખરી છે કે, બનાવ કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકુ નહી.

(૯.૬) ફરિયાદપક્ષે આંક–૧૧ થી પંચસાહેદ નિતેશભાઈ ગંભીરભાઈ ચૌધરીને તથા આંક–૧૩ થી પંચસાહેદ વિજયભાઈ નરેશભાઈ ચૌધરી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે પો.સ્ટે. બોલાવી પંચનામામાં સહી કરાવેલ હતી. મારે પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનું થયેલ નથી. પોલીસે મારી હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓ આંક–૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૯.૭) ફરિયાદપક્ષે આંક–૧૫ થી તપાસ કરનાર અમલદાર મુકેશભાઈ રૂવિયાભાઈ ચૌધરીને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૬–૦૮–૨૦૨૨ ના રોજ મોજે વાઘનેરા ગામ જાહેર રોડ ઉપર મિહલભાઇ પ્રવિણભાઇ ચૌધરી રહે. કોસાડી નિશાળ ફળીયા તા.માંડવીનાનો પોતાની સ્પેન્ડર મો.સા.નં. જીજે–૦૫–ઇ.કે.–૦૬૪૪ ની લઇને તા.૨૩–૦૭–૨૦૨૨ ના કલાકે ૨૧–૩૦ વાગ્યના સુમારે માંડવી તરફ આવતો હતો તે વખતે સ્પેન્ડર પ્લસ મો.સા.નં.જીજે–૨૧–એ.જી.–૮૪૭૭ નો ચાલક અજયભાઇ સુમજીભાઇ ચૌધરી રહે. વાઘનેરા નહેર ફળીયા તા.માંડવીનાનો પોતાની મો.સા.પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મિહલની મો.સા. સાથે એક્સીડન્ટ કરતાં મિહલને માથાના ભાગે ગંભીર ઇજા પહોચાડી સારવાર દરમીયાન મોત નિપજાવી જે બાબતે ખટોદરા પો.સ્ટે. ખાતે ઝીરો નંબરથી રજુ થઇ માંડવી પો.સ્ટે તરફ મોકલતા માંડવી પો.સ્ટે. ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ એ.એસ.આઇ. બીપીનભાઇ રત્નાભાઇનોઓને સોપતા

તેઓએ ગુનાની તપાસ કરી ગુનાના કામે આરોપીને અટક કરેલ ત્યારબાદ તપાસ પુર્ણ થયેલ તે દરમીયાન એ.એસ.આઇ. બીપીનભાઇ રત્નાભાઇ જોટાણાનાઓની બદલી થતાં તપાસ અમારા તરફ મળેલ ત્યારબાદ અમોએ તપાસના કાગળો વંચાણે લઇ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા પડતાં તા.૦૯-૧૧-૨૦૨૨ ના રોજ ચાર્જશીટ નામ. કોર્ટમાં દાખલ કરેલ.

સદર સાહેદની આરોપી તર્ફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ કામે મે કોઇ સાક્ષીઓના નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામે ચાર્જશીટ કર્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી. એ વાત ખરી નથી કે આ કામે ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૯.૮) ફરિયાદપક્ષે આંક-૧૬ થી તપાસ કરનાર અમલદાર બિપીનભાઈ રત્નાભાઈ જોટાણાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૪-૦૭-૨૦૨૨ નાં રોજ અમોને માંડવી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૦૮૭૪/૨૦૨૨ ઇ.પી.કો.કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબની તપાસ અમોને સોપેલી. તપાસમાં અમોને ફરીયાદ તથા ખટોદરા પોલીસ સ્ટેશનથી આવેલ તપાસનાં કાગળો અમોને મળેલા જે અમોએ વંચાણે લીધેલા. મને ખટોદરા પોલીસ સ્ટેશનના વુ.એ.એસ.આઇ. સુશીલાબેન હાજાભાઇનાંઓએ માડવી પોલીસ સ્ટેશનને તપાસના કાગળો સંભાળી લેવા માટેની યાદી કરેલી. જે આંક-૧૭ થી રજૂ છે તેમજ આ યાદી સાથે એ.એસ.આઇ.સુશીલાબેન હાજાભાઇનાંઓએ ખટોદરા પોલીસ સ્ટેશનનાંઓને ગુનો રજીસ્ટર કરવા માટે યાદી કરેલી. જે આંક-૧૮ થી રજૂ છે તેમજ પોલીસ ઇન્સપેકટર ખટોદરા પોલીસ સ્ટેશન, સુરત શહેરનાઓએ દાખલ થયેલા ગુનાના કેસ કાગળો માંડવી પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપવા તજવીજ કરવા બાબતે નાયબ પોલીસ કમીશ્નરશ્રીને યાદી કરેલી. જે આંક-૧૯ થી રજૂ છે તેમજ નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૩ સુરતનાંઓએ પોલીસ અધિક્ષકશ્રી સુરત ગ્રામ્યનાઓને માંડવી પોલીસ સ્ટેશન સુરત શહેર ખટોદરા પોલીસ સ્ટેશનને નોંધાયેલ કેસનાં કાગળો આપવા બાબતની યાદી જે આંક-૨૦ થી રજૂ છે. આ અકસ્માતમાં મરણ પામનાર મરણ પામનાર મિહલ પ્રવિણભાઇ ચૌધરીનાઓનું ડેથ સર્ટીફીકેટ અને પી.એમ.નોટ તપાસના કાગળો સાથે મળેલ. જે અનુક્રમે આંક-૨૧ તથા આંક-૨૨ થી રજૂ

છે. ત્યારબાદ અમોએ અકસ્માતવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલ. મારી રૂબરૂ પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂમાં મારી સહી છે જે પંચનામુ આંક–૧૨ થી રજુ છે તે જ છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન તેમનાં લખાવ્યા મુજબના લખી લીધેલા. એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરવા માટે સ્થળ પર બોલાવી સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરાવી ચાર્જશી સાથે સામેલ રાખેલ. જે આંક–૨૩ થી રજૂ છે. ત્યારબાદ મેં આ અકસ્માતમાં સંડોવાયેલ આરોપી અજયભાઇ સુમજીભાઇ ચૌધરીનાંઓને અટક કરી શરીર સ્થિતીનું પંચનામુ કરેલુ જેમા મારી રૂબરૂ પંચોએ સહી કરેલી અને જેમાં રૂબરૂમાં મારી સહી છે. જે આંક–૨૪ થી રજૂ છે. આ અકસ્માતમાં સંડોવાયેલા બન્ને મોટર સાયકલોનું યાંત્રીક ચકાસણી રીપોર્ટ મેળવેલા જેમાં ભોગ બનનારની મોટર સાયકલ જી.જે.૦૫–એ.કે.–૦૬૪૪ ની યાંત્રીક તપાસણી રીપોર્ટ મેળવેલો. જે આંક–૨૫ થી રજૂ છે તેમજ આ અકસ્માતમાં સંડોવાયેલા આરોપીની મોટર સાયકલ નંબર જી.જે.૨૧–એ.જી.–૮૪૭૭ ની યાંત્રીક તપાસણી રીપોર્ટ મેળવેલો જે ચાર્જશીટ સાથે સામેલ રાખેલ. જે આંક–૨૬ થી રજૂ છે. ત્યારબાદ તપાસનાં અંતમા મારી બદલી કામરેજ પોલીસ સ્ટેશન ખાતે થતા જ હે.કો.મુકેશભાઇ રવીચાભાઇનાંઓએ ચાર્જશીટ કરેલુ.

સદર સાહેદની આરોપી તર્ફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો મેં મારી મરજી મુજબ ફરીયાદને અનુરૂપ લખી લીધેલા. એ વાત ખરી નથી કે, પંચનામુ પોલીસ સ્ટેસનમાં તૈયાર કરાવેલુ અને તે તૈયાર પંચનામામા પંચોની સહીઓ કરાવેલી. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવની જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવવાળી જગ્યાની બાજુમાં આવેલ ખેતરોમાં કામ કરતા મજુરો કે ખેતરોના માલીકોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે,આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન:–</u>**

(૧૦) આમ, ઉપરોકત જણાવ્યા મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત મુજબના પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત એ છે કે,

આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને જ્યાં સુધી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ કરતાં ''પુરાવાનું મુલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મુલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબિત માનવું તે મુલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મુલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મુલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકિકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૧) સદર કામે રજુ થયેલ પુરાવાની હકીકતે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ આંક–૦૮ થી ફરિયાદી પ્રવિણભાઈ મગનભાઈ ચૌધરી નાઓને તથા આંક–૧૦ થી સાહેદ સંગીતાબેન પ્રવિણભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદો ધ્વારા બનાવમાં અકસ્માત થયેલ હોવાની અને સાહેદ મિહલને ઈજા થયેલ હોવાની તથા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાની હકીકતો

જણાવેલ છે, પરંતુ સદરહું સાહેદો આરોપી તર્ફેની ઉલટતપાસમાં સ્વકારેલ છે કે, બનાવ સમયે તેઓ ધરે હતા અને બનાવની જાણ ફોન ધ્વારા થયેલ છે. વધુમાં સદર અકસ્માત કોની ભૂલના કારણે થયેલ તે હકીકત જાણતા નથી. આમ, સદરહું સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓ ધ્વારા બનાવ સમયે, બનાવ સ્ળથે હાજર ન હોય બનાવની જાણ તેઓને ફોન ધ્વારા થયેલ હોય સદરહું સાહેદોનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે. જેથી સદર સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૧ થી પંચસાહેદ નિતેશભાઈ ગંભીરભાઈ ચૌધરી તથા આંક-૧૩ થી પંચસાહેદ વિજયભાઈ નરેશભાઈ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. સદરહું પંચસાહેદો ધ્વારા સરતપાસમાં ગુનાવાળી જગ્યાના પંચનામામાં માત્ર સહી કરેલાની હકીકત જણાવી આંક-૧૨ થી રજૂ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આમ, સદરહું પંચસાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય એપીપીશ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેથી બંને પંચસાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૨)** હાલના કામે આંક-૦૯ થી રજૂ ફરિયાદ વંચાણે લેવામાં આવે તો, અકસ્માતનો બનાવ બની ગયા બાદ આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન મુકી નાશી ગયેલ છે. જેથી હાલના કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપી વિરુધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ ૧૩૪ દાખલ કરેલ છે. સદર કામેનું સમગ્ર રેકર્ડ જોતા તથા આંક-૧૬ થી તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા તેઓ ધ્વારા હાલના કામના આરોપીની ઓળખ પરેડ બનાવ સમયે હાજર સાહેદોની સમક્ષ કરાવેલ નથી તથા આરોપીને કયા સાહેદના નિવેદન આધારે અટક કરવામાં આવેલ છે તેવી કોઈ સ્પષ્ટતા હાલના કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા તેઓના પુરાવામાં કરવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારે ખામીયુકત તપાસ કરેલ હોવાનું પણ સ્પષ્ટપણે ફલીત થાય છે. ખામીયુકત કરવામાં આવેલ તપાસથી આરોપીને આ ગુન્હાના કામે સાંકળતી સીધી કડી પુર્ણ થતી ન હોય, તે સંજોગોમાં આરોપીને તેનો લાભ મળવાપાત્ર થાય છે. પરંતુ ઉપરોકત જે ચર્ચા કરવામાં આવેલ છે તે અનુસાર ફરીયાદી, સાહેદોની જુબાનીથી આરોપીને આ કામે સંડોવી શકાય તે મુજબનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, આરોપીની સંડોવણી અંગે વ્યાજબી શંકા ઉપસ્થિત થયેલ છે તે યોગ્ય અને ન્યાયીક છે.

**(૧૩)** સદર કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૪, આંક–૧૭ થી આંક–૨૬ ના દસ્તાવેજી પુરાવા રજૂ રાખવામાં આવેલ છે. પરંતુ સદર દસ્તાવેજોને સાહેદોના મૌખિક પુરાવા પરથી ફરીયાદની હકીકતને સમર્થન મળતુ ન હોય, આ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૪)** વાહન અકસ્માતને લગતા કેસમાં બેફામપણે એટલે કે, બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તે રીતે બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા ઉપર કોઈ વ્યકિત વાહન ચલાવે તેવો પુરાવો આવે તો, ઈ.પી.કો.ક.૨૭૯ મુજબનો ગુનો પુરવાર થયેલ તેમ ગણી શકાય. વધુમાં, અકસ્માતને લગતા કેસમાં '' રેસઈપ્સા લોકયુટર'' નો સિધ્ધાંત લાગુ પડે છે. ક્રિમીનલ ટ્રાયલમાં '' રેસઈપ્સા લોકયુટર '' નો સિધ્ધાંત લાગુ પડતો નથી પરંતુ અકસ્માતને લગતા કેસ તે અપવાદમાં ગણાય છે. નામદાર ઓરિસ્સા વડી અદાલતે '' બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ ''૧૯૯૪ ક્રિ. લો. જ. પેજ નં. ૩૮૯ માં એમ ઠરાવેલ છે કે, (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgment, not sufficient - Accident resulting in death Failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal. વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other

person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are :

(i) Rash and negligent driving or riding on a public way.

The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequence.

(૧૫) આમ, ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ, ચર્ચેલ ચૂકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો તથા હાલના આ કામે રજુ થયેલ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, હાલનાં આરોપીએ બનાવ સમયે બેદરકારીભરી રીતે વાહન ચલાવતા હોવાનું જણાઈ આવતુ નથી. આમ, રેસનેસ કે નેગ્લીજન્સના તત્વોનો આ કેસનો પુરાવો જોતા અભાવ જોવા મળે છે. વધુમાં

નામદાર કલકતા ઉચ્ચ અદાલતે ૧૯૭૫ (૪૧) કલકતા એલ.ટી. ૨૪૫ ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, "The burden is on procecutions to establish beyond reasonable doubt that the vehicle was being driven in a rash and negligent manner. What is rash or negligent driving would depend upon facts and circumstances of each case. No hard and fast rule can be drawn." આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર કલકતા હાઈકોર્ટે ઠરાવ્યું છે કે ફકત વાહનની સ્પીડ હોવાથી તે નેગ્લીજન્સમાં પરીવર્તીત થતું નથી. પરંતુ 'નેગ્લીજન્સી ઈન હોલ', એટલે કે સ્પીડની સાથે સાથે કઈ ડીગ્રીથી બેદરકારી થયેલ છે તે પણ જોવું અનિવાર્ય છે. સબબ કામનો સમગ્ર પુરાવો જોતાં આ કામે અકસ્માત થયાનું જણાય છે તેમજ અકસ્માતમાં સાહેદને ઈજા તથા મરણ ગયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષે કોઈપણ જગ્યાએ બેફામ અને ગફલતભરી તેમજ બેદરકારી પુર્વક આરોપીએ વાહન ચલાવેલ હોય તેવો કોઈ પ્રત્યક્ષ અને આરોપીને આ ગુન્હાના કામે સાંકળતો સીધો પુરાવો પ્રોસીકયુશન રજુ કરી શકેલ નથી.

**<u>ઉપસંહાર :-</u>**

(૧૬) આમ, સબબ કામની રેકર્ડ આધારીત હકિકતો, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ તથા તે લગત કરવામાં આવેલ ઉપરોકત ચર્ચા અનુસાર આરોપીની આ ગુન્હાના કામે સીધી સંડોવણીની હકિકતને પુરવાર કરતો કોઈ પુરાવો રેકર્ડ પર પ્રોસીકયુશન લાવી શકેલ નથી. જે સંજોગોમાં આરોપીએ તેમના કબજા ભોગવટાનું વાહન ચલાવવામાં બેદરકારી અને બેફીકરાઈ દાખવેલ હોવાનું અને તેઓએ અકસ્માત કરતાં ફરીયાદીના પુત્રનું અવસાન થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં આરોપીને આ ગુન્હાના કામે સીધી રીતે સંડોવી શકતી કડીઓ પુર્ણ થતી ન હોય તે સંજોગોમાં આરોપીએ ગુન્હો કરેલ હોવાની હકિકત પુરવાર થતી ન હોય, અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ **<u>મુદ્દા નં.૧</u>** નો નિર્ણય **<u>''નકારમાં''</u>** આપી **<u>મુદ્દા નં.૨</u>** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-::/(આ ખ રી હુ ક મ)/::-**

૧. આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હા ભારતિય ફોજદારી ધારાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તેમજ મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪

મુજબના ગુન્હામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીએ રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા ) ના સદધર જામીન અપીલ પીરીયડ સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૧૨મી, માહે જાન્યુઆરી, સને –૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

( મનીષ મનહરભાઈ બુધ્ધભટ્ટી )
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
માંડવી, જી.સુરત
(UIC GJ00855)